# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




# આણંદમાં 50 કરોડના ખર્ચે બનેલા બ્રિજની ડીઝાઈનમાં ખામી !



આણંદ શહેરમાંથી પસાર થતાં દાંડીમાર્ગ પર બોરસદ ચોકડી ખાતે ત્રિમાર્ગી ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે. પરંતુ એન્જિનીયર દ્વારા આ બ્રિજની ડિઝાઇન એસી ઓફિસમાં બેસીને જ બનાવવામાં આવી હોય તેવો સિનારીયો વાહનચાલકોની સ્થિતિ પરથી જોઇ શકાય છે. આણંદમાં 50 કરોડ ઉપરાંતના ખર્ચે બનેલા આ બ્રિજની ડિઝાઇનની ભારોભાર ખામી છેલ્લા કેટલાક સમયથી ઉજાગર થઇ છે. ખાસ કરીને આ બ્રિજના છેડે વાહનોને યુ-ટર્ન લેવા માટે પુરતી જગ્યા ન હોવાની ફરિયાદો ઉઠી છે. આણંદ કલેક્ટર કચેરી તરફ બ્રિજ ઉતર્યા બાદ ભારે વાહનને સોજિત્રા તરફ જવું હોય તો યુ-ટર્ન માટે ભારે કસરત કરવી પડે છે. પરંતુ તેના કરતા પણ ભયંકર પરિસ્થિતિ સોજિત્રા તરફ ભારે વાહનોને બ્રિજ પર ચડવા માટે કરવી પડે છે. ગણેશ ચોકડી તરફથી આવતા ભારે વાહનોને બ્રિજ પર ચડવા માટે પ્રથમ ઉમાભવન તરફ ખાલી જગ્યા પર જવું પડે છે. બાદમાં મોટો યુ-ટર્ન લેવો પડે છે. આ ટર્નમાં અકસ્માતની ભારોભાર સંભાવના રહેલી છે. સોજિત્રા તરફથી પુરપાટ ઝડપે આવતા વાહનોથી બચવાં તથા પાછળથી પણ આવતા વાહનથી બચવા માટે ભારે વાહનના ચાલકને કસ્મકશ કરવી પડે છે. આ યુટર્ન લેવા માટે ભારે વાહનને પીકઅવર્સ દરમિયાન ઘણો સમય લેવો પડતો હોવાનું જોવા મળ્યું છે. આ યુ-ટર્નથી માત્ર વાહન ચાલકો જ નહીં ખૂદ ઉમાભવનના સંચાલકો પણ ચિંતિત છે. કારણ કે ઉમાભવનમાં કોઇ પણ પ્રસંગ સમયે બહાર વાહન પાર્ક કરી શકાતાં નથી. આ ઉપરાંત છેક દરવાજા સુધી ભારે વાહન આવીને ટર્ન લેતા હોવાથી પ્રસંગ સમયે અકસ્માતનો ભય રહે છે.

- તસવીર : જશવંતસિંહ રાઠોડ

# આણંદના જે.કે.લોટસ પાર્ટી પ્લોટના ગેરકાયદે બાંધકામને તોડવા નોટિસ

**મહાનગરપાલિકા** નોટિસને ઘોળી પી જતાં કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદના સરદાર પટેલ રાજમાર્ગ પર આવેલા જે. કે. લોટસ પાર્ટી પ્લોટના સંચાલકની દાદાગીરીના પગલે મહાનગરપાલિકાને કડક કાર્યવાહી હાથ ધરી છે. આ પાર્ટી પ્લોટમાં સરકારી કપાતની જગ્યા ઉપર બાંધકામ કરવામાં આવ્યું છે. આથી, જે. કે. લોટસ પાર્ટી પ્લોટના સંચાલકને મહાનગરપાલિકા દ્વારા બાંધકામ તોડી પાડવા નોટિસ આપી છે.



કરમસદ - આણંદ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ એસ્ટેટ અને વિભાગ દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં સરદાર પટેલ રાજમાર્ગ ઉપર આવેલા જે. કે. લોટસ પાર્ટી પ્લોટના સંચાલક પાસે તેમની મિલકત સંબંધિત પુરાવા, પરવાનગી રજૂ કરવા મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાના એસ્ટેટ ઈન્સ્પેક્ટર દ્વારા જે. કે. પાર્ટી પ્લોટના સંચાલકને અગાઉ વાણિજ્ય હેતુની બાંધકામ પરવાનગી, બાંધકામ વપરાશ પરવાનગી (BU ) અને ફાયર એનઓસી રજૂ કરવા બાબતે નોટીસ આપવામાં આવી હતી, પરંતુ જે.કે. પાર્ટી પ્લોટના સંચાલક યોગ્ય પુરાવા રજૂ કરી શક્યા ન હતા. જેથી તાત્કાલિક અસરથી આ પાર્ટી પ્લોટ સીલ કરવામાં આવ્યો હતો.

આમ, સક્ષમ સત્તાધિકારી પાસેથી કાયદા હેઠળની વિવિધ પરવાનગીઓ મેળવ્યા વગર સરકારી કપાત જગ્યા ઉપર ગેરકાયદેસર આ પાર્ટી પ્લોટનો બાંધકામ કરી વાણિજ્ય હેતુસર ઉપયોગ કરવામાં આવતો હતો. આ ઉપરાંત જે. કે. પાર્ટી પ્લોટ સરકારી કપાતની જગ્યા ઉપર ગેરકાયદેસર રીતે અનઅધિકૃત રીતે કાયદાની વિરુદ્ધ બાંધકામ કરતા તેને ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ મુજબ તોડી પાડવા માટે નોટિસ આપવામાં આવી છે.

## કપડવંજમાં બાઈક સ્લીપ થઈ જતા ચાલકનું મોત

(પ્રતિનિધિ) કપડવંજ, તા. 13

બાયડના જુના આકરીયા તાબે ડેમાઈમાં રહેતા રમણજી ઝાલા મોટર સાયકલ લઈને કાશીપુરા ગામે કડિયાકામ અર્થે મજુરીએ ગયાં હતાં અને સાંજે ઘરે આવવા નીકળ્યાં હતા. દરમિયાન કાશીપુરાથી વિષ્ણુંપુરા ગામ તરફ રોડ પર જતા પુરપાટ ઝડપે ચાલી આવતા બાઈકનો સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી બેસતા અચાનકથી સ્લીપ થઇ ગયુ હતુ. આ અકસ્માતમાં રમણજી બાબરજીને ગંભીર ઈજા પહોંચતાં બાયડ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે પહોચાડયા હતા. જ્યાં સારવાર દરમિયાન રમણજી બાબરજી ઝાલા (ઉ.વ.47નું કરૂણ મોત થયુ હતુ. આ અંગે મૃતકના ભાઈ કનુભાઈ બાબરજી ઝાલાએ બાઈક નં.જીજે31 પી 1190 ના ચાલક સામે કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# આણંદ શહેરની ત્રણ બેકરીમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો

**કરમસદ - આણંદ** મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તપાસણી હાથ ધરાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.13

કરમસદ - આણંદ મનપાના કમિશનરના માર્ગદર્શન હેઠળ મનપાના આરોગ્ય અને એસ્ટેટ વિભાગના અધિકારીઓ દ્વારા એવન બેકરી, એવરગ્રીન બેકરી, ઝમઝમ બેકરી અને એસ. એસ ટાયર્સ આકસ્મિક તપાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં સ્વચ્છતા પ્રત્યે બેદરકારી દેખાતાં ચારેય એકમ પાસેથી રૂપિયા 1.55 લાખનો દંડ વસુલાયો હતો.



આણંદ મહાનગરપાલિકાની તપાસણી દરમિયાન એવન બેકરી, એવરગ્રીન બેકરી, ઝમઝમ બેકરી અને એસ. એસ ટાયર્સ ખાતે મચ્છરના પોરા, સ્વચ્છતાનો અભાવ, પ્રતિબંધિત પ્લાસ્ટિક તેમજ દુકાન બહાર નડતર રૂપ સામાન મળી આવતા મહાનગરપાલિકા દ્વારા વહીવટી ચાર્જ પેટે રૂ.1.55 લાખનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. જેમાં એવન બેકરી પાસેથી 80 હજાર રૂપિયા, એવર ગ્રીન બેકરી પાસેથી 30 હજાર રૂપિયા, એસ.એસ. ટાયર્સ પાસેથી 25 હજાર અને ઝમ ઝમ બેકરીના 20 હજારનો સમાવેશ થાય છે.

આ દંડમાં મનપાનાએસ્ટેટ વિભાગના રૂપિયા 85 હજાર તથા આરોગ્ય વિભાગના રૂપિયા 70 હજાર મળીને કુલ રૂપિયા 1.55 લાખનો વહીવટી ચાર્જ દંડ સ્વરૂપે સ્થળ ઉપર જ વસૂલ કરવામાં આવ્યો છે.

# વ્યાજખોરે કિડની વેચી નાણાં વસુલવાની ધમકી આપી

**મુદ્દલ જેટલુ વ્યાજ તો** આપ્યું પણ વ્યાજખોરી અટકતી જ નથી

(પ્રતિનિધિ) બોરસદ તા. 13

બોરસદના ડાલી ઈન્દીરા કોલોનીમાં રહેતા વિપુલકુમાર મોહનભાઈ વાણંદને 2022માં પૈસાની જરૂરિયાત ઉભી થતા બાકરોલ ખાતે રહેતા ગોવિંદ બ્રહ્મભટ્ટના સંપર્કમાં આવ્યાં હતા. ગોવિંદભાઈ વિશ્વા ફાયનાન્સના નામે ધિરાણનું કામ કરતા હોય તેઓએ રૂ.1.50 લાખ 5 ટકા વ્યાજે આપ્યા હતા.જો કે તે રકમ વિપુલકુમારે તેમને બે મહિનામાં પરત કરી દીધી હતી. જે પછીથી વિપુલભાઈને અલગ અલગ કારણોસર પૈસાની જરુરિયાત ઉભી થતા તેમણે કુલ રૂ.4.40 લાખ માસિક પાચ ટકા લેખે વ્યાજે લીધા હતા.જો કે તે રકમ પેટે વિપુલકુમારે રોકડ 4.12 લાખ અને અલગ અલગ ગુગલ પે ટ્રાન્ઝેકશનથી કુલ મળીને 4.56 લાખ જેટલા રૂપીયા ચુકતે કરી આપ્યા હતા.તેમ છતા તા.09-10-2025 ના રોજ ગોવિંદએ વિપુલકુમારના ઘરે પહોંચ્યો હતો અને અપશબ્દ બોલી વ્યાજ તથા મુડીના પૈસા નહીં આપે તો અપહરણ કરી કિડની વેચીને પણ પૈસા વસુલીશ તેવી ધમકી આપી હતી. વિપુલકુમારે કહ્યું કે, અત્યાર સુધી હું તમને દર માસે રૂ.22000- આપતો આવ્યો છુ.પરંતુ દિકરીના લગ્ન હોવાથી થોડો સમય આપો. ગોવિંદભાઈએ પૈસા તો લઈને જ જઈશ. તેમ કહી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. વિપુલકુમારે વ્યાજખોર ગોવિંદ પોપટ બ્રહ્મભટ્ટ (રહે.બાકરોલ) સામે બોરસદ સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

# નડિયાદમાં ટ્રાફિકથી ભરચક મિશન બ્રિજ પર તિરાડ પડતાં લોકોમાં ભય

**બ્રિજની મધ્યમાં પડેલો** મોટો ખાડો અને તિરાડ ગમે ત્યારે મોટી દુર્ઘટના નોતરે તેવી શક્યતા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

નડિયાદ શહેરના હૃદય સમા અને વર્ષો જૂના મિશન બ્રિજ પર એક મહાકાય તિરાડ અને ખાડો પડતા શહેરીજનોમાં ભારે ચિંતાનો માહોલ ફેલાયો છે. શહેરના મુખ્ય માર્ગો પૈકી એક એવા આ બ્રિજ પર પડેલી આ તિરાડ અને તેની ભયજનક સ્થિતિને કારણે ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી ભીતિ સેવાઈ રહી છે. તંત્ર દ્વારા આ બાબતે ત્વરિત કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી પ્રબળ બની છે.



નડિયાદ શહેરનો મિશન બ્રિજ, જે દાયકાઓ જૂનો છે અને શહેરના વાહન વ્યવહાર માટે અત્યંત મહત્વનો છે, તેની મધ્યમાં એક મોટી તિરાડ પડી ગઈ છે. આ તિરાડ એટલી વિકરાળ છે કે, તે એક મોટા ખાડાનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. આ ખાડો અને તિરાડ બ્રિજની સપાટીથી ઘણા ઊંડાણ સુધી પહોંચી ગયા છે, જેના કારણે બ્રિજની નીચેની સંરચનાને પણ નુકસાન થયું હોવાની આશંકા સેવાઈ રહી છે. મિશન બ્રિજ પરથી દરરોજ હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનો પસાર થાય છે. વાહનચાલકો માટે આ તિરાડ અને ખાડો અત્યંત જોખમી સાબિત થઈ રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે અથવા વરસાદ દરમિયાન આ ખાડો સ્પષ્ટપણે દેખાતો ન હોવાથી વાહનચાલકો ગંભીર અકસ્માતનો ભોગ બની શકે છે. આ પરિસ્થિતિને કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે ભય અને ઉચાટ જોવા મળી રહ્યો છે. તેઓ સતત બ્રિજની સુરક્ષાને લઈને ચિંતિત છે.

શહેરીજનો દ્વારા વારંવાર તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં, આ ગંભીર સમસ્યા પ્રત્યે તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. વર્ષો જૂના આ બ્રિજની નિયમિત જાળવણી અને સમારકામનો અભાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. જો આ તિરાડને તાત્કાલિક રીપેર કરવામાં નહીં આવે તો, ભવિષ્યમાં બ્રિજનો કોઈ મોટો ભાગ ધસી પડવાની કે બ્રિજને કાયમી નુકસાન થવાની સંભાવના નકારી શકાય નહીં.

# ઉમરેઠ બંધન બેન્કમાં તસ્કરોનો ચોરીનો પ્રયાસ

**તસ્કરો બેન્કનું** ભારેખમ લોકર તોડી ન શક્યા

(પ્રતિનિધિ) ઉમરેઠ તા. 13

ઉમરેઠ બંધન બેન્કમાં ચોરીને ઈરાદે તસ્કરો ધુસ્યા હતા...જો કે બેન્કમા રાખવામા આવેલ લોકર તોડવામાં તસ્કરો નીષ્ફળ નિવડયા હતા.અને વીલે મોઢે પરત ફર્યા હતા.જે અંગે ઉમરેઠ પોલીસે ફરીયાદ નોંધી હતી.

ઉમરેઠ બંધન બેંકમાં ગત તા.12-11-2025 ના રોજ તસ્કરોએ ચોરીના ઈરાદે બેંકના શટર તોડયા હતા.તા.12-11-2025ના રોજ સાંજે છ વાગે રાબેતામુજબ બેન્ક બંધ કરવામા આવી હતી..જો કે બીજે દિવસે સવારે દસ વાગ્યે બેંક ખોલવા જતી વખતે બેંકનું શટર તુટેલી હાલતમાં જોઈને બેંક મેનેજર સાહેબ ચોકી ઉઠયા હતા..




તે સ્થિતિમાં તેઓએ બેન્કમાં જઈને તપાસ કરતા બેન્કમાં રાખવામાં આવેલ લોકર હેમખેમ હતુ.તિજોરીનું લોકર ભારેખમ અને ખસેડાય તે અવસ્થામાં ન હોવાથી તસ્કરો ચોરી કરવામા નિષ્ફળ ગયા હતા..ત્યારે બીજી તરફ તસ્કરીનું પગેરૂ મેળવવા બેન્કના સીસીટીવી ચેક કરવામા આવ્યાં હતા જેમા રાત્રે સાડા બાર આસપાસ ચાર જેટલા ઈસમો ચોરીના ઈરાદે ઘુસ્યા હોવાની જાણકારી મળી હતી. ત્યારે સમગ્ર ચોરી મામલે બેન્ક મેનેજર વૈશાલીબેન વ્યાસે ઉમેરઠ પોલીસને લેખીત જાણ કરી હતી.

# નડિયાદમાં 78 હજાર મિલ્કતોનો સર્વે આજથી ડ્રોન મારફતે શરૂ કરાયો

**પ્રથમવાર ડ્રોન** સર્વેલન્સથી નડિયાદ મનપા વિસ્તારની મિલકતોનો સર્વે થશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરની મિલકતોના સર્વેની કામગીરી આજે 13 નવેમ્બરથી શરૂ કરવામાં આવી છે. આ સર્વેમાં પ્રથમવાર ડ્રોન સર્વેલન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જે અંતર્ગત નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવતી કુલ 78,979 મિલ્કતોનો સચોટ અને ઝડપી સર્વે કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ જમીન રેકોર્ડને ડિજિટલ બનાવવાનો અને મિલકતધારકોને ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ આપવાનો છે.

નડિયાદ મહાનગરપાલિકા તંત્ર દ્વારા મિલ્કતોનો સર્વે કરવા માટે એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે, જેમાં પહેલીવાર ડ્રોનની મદદથી સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સર્વેલન્સ 13મી નવેમ્બર થી શરૂ થયો છે અને આગામી



28મી નવેમ્બર સુધી ચાલશે. ડ્રોન મારફતે મિલ્કતોનો સર્વે થવાને કારણે આ કામગીરી વધુ ઝડપી અને તટસ્થ બનશે તેવો તંત્રનો દાવો છે. સર્વેની કામગીરી દરમિયાન ડ્રોન સવારે 9.00 કલાકથી ઉડાન ભરશે અને સાંજે 5.00 વાગ્યા સુધી શહેરના અલગ અલગ વિસ્તારમાં આવેલી મિલ્કતોનો સર્વે કરશે. આ કામગીરીને પાર પાડવા માટે 3 ડ્રોન અને તેની માટે વિશેષ ટેક્નિકલ ટીમ તૈનાત કરવામાં આવી છે. આ સર્વેથી શહેરની દરેક મિલકતનો સચોટ નકશો તૈયાર કરવામાં આવશે, જમીન અને મકાનના સીમા નિર્ધારણને પારદર્શક બનાવવામાં આવશે અને અંતે દરેક મિલકતધારકને ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ પ્રદાન કરવામાં આવશે. આ કાર્ડ દ્વારા માલિકીની માહિતી વધુ વિશ્વસનીય અને સરળતાથી ઉપલબ્ધ બની શકશે. નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ 78,979 મિલ્કતોનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટથી નડિયાદ શહેરના જમીન રેકોર્ડને ડિજિટલ સ્વરૂપમાં રૂપાંતરિત કરવામાં આવશે, મિલકતોના નકશા અને દસ્તાવેજોમાં થતી ગેરસમજ અથવા વિવાદો દૂર થશે તેમજ ભવિષ્યમાં નગરયોજનાની આયોજન પ્રક્રિયા વધુ વૈજ્ઞાનિક અને પારદર્શક બનશે તેવો તંત્રનો દાવો છે. જો કે, આ ડ્રોન સર્વે વચ્ચે શહેરી વિસ્તારમાં મનપાની મોકાની જગ્યાઓમાં કરવામાં આવેલા દબાણો અંગે પણ તપાસ કરી અને દબાણો તોડી પાડવા માગણી ઉઠી છે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**